**Academic Council**
**Date : 19-06-2021**

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -:કાર્યવાહી:-

એકેડેમિક કાઉન્સિલની તાકીદની ઓનલાઈન સભા **શનિવાર,તા.૧૯/૦૬/૨૦૨૧** નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરકુમાર એન. ચાવડા(**માનનીય કુલપતિશ્રી**) | હાજર |
| (૨) | ડૉ. હેમાલીબેન એ. દેસાઈ | ઓનલાઈન હાજર |
| (૩) | ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | ઓનલાઈન હાજર |
| (૪) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૫) | ડૉ. અજય નટવરલાલ પટેલ | ઓનલાઈન હાજર |
| (૬) | ડૉ. વિજયકુમાર જોષી | ઓનલાઈન હાજર |
| (૭) | ડૉ. સ્નેહલ કે. જોષી | ઓનલાઈન હાજર |
| (૮) | ડૉ. દિલીપ એલ. વરસાણી | ઓનલાઈન હાજર |

**(૧)** ઓનલાઈન પરીક્ષાના આયોજન અંગે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાનૂન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૫ અને ૬ ના M.C.Q. પ્રશ્નપત્રોના બે સેટ મોડામાં મોડા તા.૩૦–૦૬–૨૦૨૧ સુધીમાં જમા કરાવવા. પ્રશ્નપત્રોનું માળખું યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૧ પરિપત્ર અન્વયે રહેશે. ગણતરીના વિષયો માટે પરીક્ષા વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૧ ના પરિપત્ર અનુસાર તેમજ વિજ્ઞાન વિદ્યાશાખામાં ગણિત વિષય માટે યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ તા.૨૯/૦૫/૨૦૨૧ ના પરિપત્ર અન્વયે રહેશે.**

**(૨) વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાનૂન અને મેનેજમેન્ટ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૨, ૩ અને ૪ ના M.C.Q. પ્રશ્નપત્રોના બે સેટ મોડામાં મોડા તા. ૦૫–૦૭–૨૦૨૧ સુધીમાં જમા કરાવવા. પ્રશ્નપત્રોનું માળખું યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૧ પરિપત્ર અન્વયે રહેશે. ગણતરીના વિષયો માટે પરીક્ષા વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૧ ના પરિપત્ર અનુસાર તેમજ વિજ્ઞાન વિદ્યાશાખામાં ગણિત વિષય માટે યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ તા.૨૯/૦૫/૨૦૨૧ ના પરિપત્ર અન્વયે રહેશે.**

(૩) કોમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીની યુ.જી. અને પી.જી. પરીક્ષાની તારીખો (રેગ્યુલર અને એ.ટી.કે.ટી.) અગાઉ જાહેર થયા મુજબ રહેશે તથા તમામ પ્રાશ્નિકો દ્વારા પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા ૮ દિવસ અગાઉ M.C.Q. પ્રકારના પ્રશ્નપત્રોના બે સેટ પરીક્ષા વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૧ ના પરિપત્ર અનુસાર જમા કરાવવાના રહેશે.

(૪) ગ્રામઅભ્યાસ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૬માં પ્રોજેકટ વર્ક / ડેઝર્ટેશન હોય તેનો કાર્યક્રમ પછીથી જાહેર કરવામાં આવશે.

અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧ ની પરીક્ષા નિયત કાર્યક્રમ પ્રમાણે લેવાશે અને સેમેસ્ટર–૨,૩ અને ૪ અંગેનો કાર્યક્રમ પછીથી જાહેર કરવામાં આવશે.

(૫) આર્કિટેકચર વિદ્યાશાખામાં બી.આર્ક તેમજ એમ.આર્કની પરીક્ષાઓ અગાઉ નિયત થયેલ કાર્યક્રમ તથા માળખા અંતર્ગત પૂર્ણ કરવાની રહેશે.

(૬) મેડીકલ અને પેરામેડીકલ વિદ્યાશાખામાં પરીક્ષાઓ અગાઉનિયત થયેલ કાર્યક્રમ તથા માળખા અંતર્ગત પૂર્ણ કરવાની રહેશે.

ઓપ્ટોમેટ્રીની સ્નાતક કક્ષાની અંતિમ વર્ષની પરીક્ષા M.C.Q. મોડથી ઓનલાઈન પધ્ધતિથી લેવાની રહેશે તેમજ અનુસ્નાતક કક્ષાએ પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષા M.C.Q. મોડથી ઓનલાઈન પધ્ધતિથી લેવાની રહેશે.

આ તમામ પ્રશ્નપત્રોના બે સેટ મોડામાં મોડા તા. ૩૦–૦૬–૨૦૨૧ સુધીમાં જમા કરાવવા.

(૭) હોમિયોપેથી વિદ્યાશાખામાં દ્વિતીય અને તૃતીય વર્ષની પૂરક પરીક્ષાઓ તેમજ અંતિમ વર્ષની પરીક્ષાઓ અંગેનો નિર્ણય તા. ૨૫–૦૬–૨૦૨૧ ની એકેડેમિક કાઉન્સિલની સભામાં લેવાશે.

(૮) શિક્ષણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૨ અને ૪ ના M.C.Q. પ્રશ્નપત્રોના બે સેટ મોડામાં મોડા તા. ૦૫–૦૭–૨૦૨૧ સુધીમાં જમા કરાવવા.

અનુસ્નાતક કક્ષાએ અગાઉ નિયત થયેલ તારીખે પરીક્ષાઓ ઓનલાઈન પધ્ધતિથી યોજવામાં આવશે.

(૯) એક્ષટર્નલ અભ્યાસક્રમની પરીક્ષાઓ વિશે તા. ૨૫–૦૬–૨૦૨૧ ની એકેડેમિક કાઉન્સિલની સભામાં સરકારશ્રીની ગાઈડલાઈન આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. પ્રશ્નપત્રોનું માળખું સબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓ તા.૨૧–૦૬–૨૦૨૧ ના રોજ કાર્યાલયને જમા કરાવશે.

(૨) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત)
એકેડેમિકકાઉન્સિલના તા. ૨૧/૦૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : ૯ ના ક્રમ નંબર–૧૧ થી " પ્રત્યેક પ્રશ્ન ટાઈમબાઉન્ડ રહેશે તથા ટાઈમમાં પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી આવો પ્રશ્ન રી–વીઝીટ કરી શકશે નહી." એમ ઠરાવવામાં આવ્યું હતું. સદર બાબતે માનનીય કુલપતિશ્રીએ હાલની ૧ મિનિટ/૧ માર્કસની સમયમર્યાદા કાઢી સોફટવેરમાં જરૂરી ફેરફાર કરવાની કાર્યવાહી કરવા લીધેલ નિર્ણયની નોંધ લેવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

<u>અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબત</u>

(૩) યુનિવર્સિટીની ઓનલાઈન પરીક્ષાઓમાં વિદ્યાર્થી ઓનલાઈન ગેરરીતી કરતાં પકડાય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને ગેરરીતી બાબતે FACT કેસ કરવા માટે FACT ના ઓનલાઈન નવા નિયમો મુજબ આગળની કાર્યવાહી કરવા માટે નવાં ફોર્મની જરૂરિયાત હોય આ સાથે ફોર્મનો નમુનો રજૂ કરેલ છે, તે બાબતે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/આચાર)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,પરીક્ષાની જરૂરિયાત મુજબ પ્રોકટરની નિમણૂંક આપવામાં આવે તથા વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને દરેક પ્રોકટરને બ્લોક ફાળવવામાં આવે.**

**વધુમાં FACT ના ઓનલાઈન પરીક્ષા માટેના નવા નિયમો મુજબ નમૂના પ્રમાણેના નવાં ફોર્મને મંજૂર કરવામાં આવે છે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.વા./૮૩૦૩/૨૦૨૧**
**તા.૧૯/૦૬/૨૦૨૧**

19.6.21

**ઈ.ચા.કુલસચિવ**

**પ્રતિ,**
**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**